**GUJARAT BILL NO. 15 OF 2020.**

**THE LABOUR LAWS (GUJARAT AMENDMENT) BILL, 2020.**

***A BILL***

*further to amend the Industrial Disputes Act, 1947 and the Factories Act, 1948 in their application to the State of Gujarat.*

**સન ૨૦૨૦નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૫ .**

**મજૂર કાયદા (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૦.**

**ગુજરાત રાજ્યને લાગુ પડતા હોય તેટલે સુધી ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ અને કારખાના અધિનિયમ, ૧૯૪૮ વધુ સુધારવા બાબત વિધેયક.**

આથી, ભારતના ગણરાજ્યના એકોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

**ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

**૧.** (૧) આ અધિનિયમ મજૂર કાયદા (ગુજરાત સુધારા) અધિનિયમ, ૨૦૨૦ કહેવાશે.

(૨) તે, સન ૨૦૨૦ના ઓગસ્ટ મહિનાની ૭મી તારીખે અમલમાં આવ્યો હોવાનું ગણાશે.

**સન ૧૯૪૭નો ૧૪મો.** **સન ૧૯૪૭ના ૧૪મા અધિનિયમમાં નવી કલમ ૩૬ ગ દાખલ કરવા બાબત.**

**૨.** ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલે સુધી ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭માં, કલમ ૩૬ ખ પછી, નીચેની કલમ દાખલ કરવી:-

**અધિનિયમની જોગવાઈઓમાંથી નવા ઉદ્યોગોને મુક્તિ આપવાની રાજ્ય સરકારની સત્તા.**

"**૩૬ ગ.** કોઈ નવી ઔદ્યોગિક સંસ્થા અથવા નવા અન્ડરટેકિંગ (ઉપક્રમ) અથવા નવી ઔદ્યોગિક સંસ્થાઓ અથવા નવા અન્ડરટેકિંગના વર્ગના સંબંધમાં, રાજ્ય સરકારને ખાતરી થાય કે તે જાહેર હિતમાં જરૂરી છે, તો તે (રાજ્ય સરકાર), રાજપત્રમાં જાહેરનામાથી, આવી કોઈ નવી સંસ્થા અથવા નવા અન્ડરટેકિંગ અથવા નવી સંસ્થાઓ અથવા નવા અન્ડરટેકિંગના વર્ગને, આવી નવી ઔદ્યોગિક સંસ્થા અથવા નવા અન્ડરટેકિંગ અથવા યથાપ્રસંગ, નવી સંસ્થાઓ અથવા નવા અન્ડરટેકિંગના વર્ગની સ્થાપનાની તારીખથી એક

હજાર દિવસની મુદત માટે, આ અધિનિયમની તમામ અથવા કોઈ જોગવાઈઓમાંથી, શરતી અથવા બિનશરતી રીતે, મુક્તિ આપી શકશે.

***સ્પષ્ટીકરણ***.- આ કલમના હેતુઓ માટે, "નવી ઔદ્યોગિક સંસ્થા અથવા નવા અન્ડરટેકિંગ અથવા નવી ઔદ્યોગિક સંસ્થાઓ અથવા નવા અન્ડરટેકિંગના વર્ગ" એ શબ્દપ્રયોગ એટલે મજૂર કાયદા (ગુજરાત સુધારા) અધિનિયમ, ૨૦૨૦ના આરંભ પછી, એક હજાર દિવસની મુદતની અંદર સ્થાપવામાં આવેલી હોય તેવી ઔદ્યોગિક સંસ્થા અથવા અન્ડરટેકિંગ અથવા ઔદ્યોગિક સંસ્થાઓ અથવા અન્ડરટેકિંગનો વર્ગ.''. **સન ૨૦૨૦નો ગુજરાતનો મો.**

**સન ૧૯૪૮ના ૬૩મા અધિનિયમમાં નવી કલમ ૫-ક દાખલ કરવા બાબત.-**

**3.** ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલે સુધી કારખાના અધિનિયમ, ૧૯૪૮માં, કલમ ૫ પછી, નીચેની કલમ દાખલ કરવી:- **સન ૧૯૪૮નો ૬૩મો.**

**અધિનિયમની જોગવાઈઓમાંથી નવા ઉદ્યોગોને મુક્તિ આપવાની રાજ્ય સરકારની સત્તા.**

"**૫-ક.** કોઈ નવી ઔદ્યોગિક સંસ્થા અથવા નવા અન્ડરટેકિંગ (ઉપક્રમ) અથવા નવી ઔદ્યોગિક સંસ્થાઓ અથવા નવા અન્ડરટેકિંગના વર્ગના સંબંધમાં, રાજ્ય સરકારને ખાતરી થાય કે તે જાહેર હિતમાં જરૂરી છે, તો તે (રાજ્ય સરકાર), રાજપત્રમાં જાહેરનામાથી, આવી કોઈ નવી સંસ્થા અથવા નવા અન્ડરટેકિંગ અથવા નવી સંસ્થાઓ અથવા નવા અન્ડરટેકિંગના વર્ગને, આવી નવી ઔદ્યોગિક સંસ્થા અથવા નવા અન્ડરટેકિંગ અથવા યથાપ્રસંગ, નવી સંસ્થાઓ અથવા નવા અન્ડરટેકિંગના વર્ગ-ની સ્થાપનાની તારીખથી એક હજાર દિવસની મુદત માટે, આ અધિનિયમની તમામ અથવા કોઈ જોગવાઈઓમાંથી, શરતી અથવા બિનશરતી રીતે મુક્તિ આપી શકશે.

**સન ૨૦૨૦નો ગુજરાતનો મો.**

**સ્પષ્ટીકરણ**.- આ કલમના હેતુઓ માટે, "નવી ઔદ્યોગિક સંસ્થા અથવા નવા અન્ડરટેકિંગ (ઉપક્રમ) અથવા નવી ઔદ્યોગિક સંસ્થાઓ અથવા નવા અન્ડરટેકિંગના વર્ગ" એ શબ્દપ્રયોગ એટલે મજૂર કાયદા (ગુજરાત સુધારા) અધિનિયમ, ૨૦૨૦ના આરંભ પછી, એક હજાર દિવસની મુદતની અંદર સ્થાપવામાં આવેલી હોય તેવી ઔદ્યોગિક સંસ્થા અથવા અન્ડરટેકિંગ અથવા ઔદ્યોગિક સંસ્થાઓ અથવા અન્ડરટેકિંગનો વર્ગ.".

**સન ૨૦૨૦નો ગુજરાત વટહુકમ ૮મો.**

**૮.** (૧) મજૂર કાયદા (ગુજરાત સુધારા) વટહુકમ, ૨૦૨૦ આથી રદ કરવામાં આવે છે. **રદ કરવા બાબત અને અપવાદ.**

(૨) આવી રીતે રદ કરવામાં આવ્યા હોવા છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઈ કાર્ય અથવા લીધેલું કોઈ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું છે અથવા લીધેલું છે એમ ગણાશે.

## ઉદ્દેશો અને કારણો

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭-એ ઔદ્યોગિક તકરારની તપાસ અને પતાવટ માટેના તંત્ર અને કાર્યરીતિની જોગવાઈ કરે છે. પ્રત્યક્ષ કામગીરીથી મેળવેલા અનુભવના તારણ અનુસાર વખતોવખત અધિનિયમની જોગવાઈઓ સુધારવામાં આવી છે. પૂરતાં સલામતીના પગલાં સુનિશ્ચિત કરવા અને કારખાનામાં કામે રાખેલા કામદારોનું આરોગ્ય અને કલ્યાણને પ્રોત્સાહન આપવું એ કારખાના અધિનિયમ, ૧૯૪૮નો ઉદ્દેશ છે.

૨. વર્તમાન સમયમાં, સદરહુ બન્ને કેન્દ્રીય અધિનિયમમાં એવી કોઈ જોગવાઈ નથી કે જેનાથી રાજ્ય સરકારને સદરહુ બન્ને કેન્દ્રીય અધિનિયમની તમામ અથવા કોઈપણ જોગવાઈઓમાંથી હંગામી મુદત માટે નવી ઔદ્યોગિક સંસ્થા અથવા નવા અન્ડરટેકિંગ માટે મુક્તિ આપવાની સત્તા મળે છે.

૩. વ્યાપક કોરોના વાયરસ મહામારીને લીધે, અસાધારણ પરિસ્થિતિ ઉદભવી છે કે જેના લીધે દેશભરની તમામ પ્રવૃત્તિઓના લોકડાઉન(તાળાબંધી)ની જરૂરિયાત ઊભી થઈ છે, પરિણામે રાજ્યમાં આર્થિક પ્રવૃત્તિઓ ધીમી પડવાની શક્યતા છે અને તેથી, સદરહુ મહામારીના દુષ્પ્રભાવોથી નવા કારખાના અને સંસ્થાઓને રક્ષણ આપવા અને સલામત રાખવાના ઉદ્દેશથી, રાજ્ય સરકાર, આર્થિક પ્રવૃત્તિઓ હાથ ધરવાં, સદરહુ નવા કારખાના અને સંસ્થાઓને સુરક્ષિત રાખવા અને આર્થિક પ્રવૃત્તિઓ પ્રોત્સાહન આપવા પૂરતાં પગલા લે, તે જરૂરી છે જેથી કરીને નવા પ્રોજેક્ટ્સમાં રોકાણ મેળવી શકાય અને રોજગાર નિર્માણ થાય.

૪. તદનુસાર, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭માં નવી કલમ ૩૬ ગ અને તે જ પ્રમાણે, કારખાના અધિનિયમ, ૧૯૪૮માં નવી કલમ ૫ ક દાખલ કરવા ધાર્યું છે જેથી કરીને રાજ્ય સરકારને, નવી સંસ્થા અથવા નવા અન્ડરટેકિંગને એક હજાર દિવસની મુદત માટે, સદરહુ બન્ને કેન્દ્રીય અધિનિયમોની તમામ અથવા કોઈ જોગવાઈઓમાંથી મુક્તિ આપવાની સત્તા આપી શકાય.

તે સમયે ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુકત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, મજૂર કાયદા (ગુજરાત સુધારા) વટહુકમ, ૨૦૨૦ (સન ૨૦૨૦નો ગુજરાતનો વટહુકમ ૮મો)પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

આ વિધેયકથી, સદરહુ વટહુકમના સ્થાને, રાજ્ય વિધાનમંડળનો અધિનિયમ મૂકવા ધાર્યું છે.

**દિલીપકુમાર ઠાકોર**,

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયક, નીચેની બાબતોના સંબંધમાં, ધારાકીય સત્તાની સોંપણી માટેની જોગવાઈ કરે છે:-

**કલમ ૨**.- આ કલમથી, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭માં દાખલ કરવા ધારેલી નવી પેટા-કલમ ૩૬ ગ થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, આવી કોઈ નવી સંસ્થા અથવા નવા અન્ડરટેકિંગ અથવા નવી સંસ્થાઓ અથવા નવા અન્ડરટેકિંગના વર્ગને, નવા અન્ડરટેકિંગની સ્થાપનાની તારીખથી એક હજાર દિવસની મુદત માટે, આ અધિનિયમની તમામ અથવા કોઈ જોગવાઈઓમાંથી, શરતી અથવા બિનશરતી રીતે, મુક્તિ આપવાની સત્તા મળે છે.

**કલમ ૩**.- આ કલમથી, કારખાના અધિનિયમ, ૧૯૪૮માં દાખલ કરવા ધારેલી નવી પેટા-કલમ ૫ ક થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, આવી કોઈ નવી સંસ્થા અથવા નવા અન્ડરટેકિંગ અથવા નવી સંસ્થાઓ અથવા નવા અન્ડરટેકિંગના વર્ગને, નવા

અન્ડરટેકિંગની સ્થાપનાની તારીખથી એક હજાર દિવસની મુદત માટે, આ અધિનિયમની તમામ અથવા કોઈ જોગવાઈઓમાંથી, શરતી અથવા બિનશરતી રીતે, મુક્તિ આપવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ:૧૧મી સપ્ટેમ્બર, ૨૦૨૦. **દિલીપકુમાર ઠાકોર**.

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**–સન ૨૦૨૦નું ગુજરાત વિધેયક ક્રમાંક ··૧૫ –**

ગુજરાત રાજ્યને લાગુ પડતા હોય તેટલે સુધી ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ અને કારખાના અધિનિયમ, ૧૯૪૮ વધુ સુધારવા બાબત વિધેયક.

**[ શ્રી દિલીપકુમાર ઠાકોર,**

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી.]**

**(સન ૨૦૨૦ના સપ્ટેમ્બર મહિનાની ૧૪ મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)**

**ડી. એમ. પટેલ,**

**સચિવ,**

**ગુજરાત વિધાનસભા.**

**THE LABOUR LAWS (GUJARAT AMENDMENT) BILL, 2020.**

**GUJARAT BILL NO. 15 OF 2020.**

***A BILL***

*further to amend the Industrial Disputes Act, 1947 and the Factories Act, 1948 in their application to the State of Gujarat.*

It is hereby enacted in the Seventy-first Year of the Republic of India as follows:-

**Short title and commencement.**

**1.** (1) This Act may be called the Labour Laws (Gujarat Amendment) Act, 2020.

(2) It shall be deemed to have come into force on the 7th August, 2020.

**Insertion of new section 36C in XIV of 1947.**

**2.** In the Industrial Disputes Act, 1947, in its application to the State of Gujarat, after section 36B, the following section shall be inserted, namely:- **XIV of 1947.**

**Power of State Government to exempt new industries from the provisions of the Act.**

"**36C**. Where the State Government is satisfied in relation to any new industrial establishment or new undertaking or class of new industrial establishments or new undertakings that it is necessary in the public interest, it may, by notification in the *Official Gazette*, exempt, conditionally or unconditionally, any such new establishment or new undertaking or class of new establishments or new undertakings from all or any of the provisions of this Act for a period of one thousand days from the date of establishment of such new industrial establishment or new undertaking or class of new establishments or new undertakings, as the case maybe.

***Explanation***.- For the purposes of this section, the expression "new industrial establishment or new undertaking or class of new industrial establishments or new undertakings" means such industrial establishment or undertaking or class of industrial establishments or undertakings which are established within a period of one thousand days after the commencement of the Labour Laws (Gujarat Amendment) Act, 2020.". **Guj. of 2020.**

**Insertion of new section 5A in LXIII of 1948.**

**3.** In the Factories Act, 1948, in its application to the State of Gujarat, after section 5, the following section shall be inserted, namely:- **LXIII of 1948.**

**Power of State Government to exempt new industries from the provisions of the Act.**

**"5A.** Where the State Government is satisfied in relation to any new industrial establishment or new undertaking or class of new industrial establishments or new undertakings that it is necessary in the public interest, it may, by notification in the *Official Gazette*, exempt, conditionally or unconditionally, any such new establishment or new undertaking or class of new establishments or new undertakings from all or any of the provisions of this Act for a period of one thousand days from the date of establishment of such new industrial establishment or new undertaking or class of new establishments or new undertakings, as the case maybe.

*Explanation*.- For the purposes of this section, the expression "new industrial establishment or new undertaking or class of new industrial establishments or new undertakings" means such industrial establishment or undertaking or class of industrial establishments or undertakings which are established within a period of one thousand days after the commencement of the Labour Laws (Gujarat Amendment) Act, 2020.".

**Guj. of 2020.**

**Guj. Ord. 8 of 2020.**

**Repeal and saving.**

**4.** (1) The Labour Laws (Gujarat Amendment) Ordinance, 2020 is hereby repealed.

(2) Notwithstanding such repeal, anything done or any action taken under the principal Act as amended by the said Ordinance, shall be deemed to have been done or taken under the principal Act as amended by this Act.

## STATEMENT OF OBJECTS AND REASONS

The Industrial Disputes Act, 1947 provides for the machinery and procedure for the investigation and settlement of industrial disputes. The provisions of the Act had been amended from time to time in the light of experience gained in its actual working. Whereas the object of the Factories Act, 1948 is to ensure adequate safety measures and to promote the health and welfare of the workers employed in factories.

2. At present, there is no such provision exists in both the said central Acts which empowers the State Government to exempt for temporary period to new establishments or undertakings from all or any of the provisions of both the said central Acts.

3. Whereas due to wide spread corona virus pandemic extraordinary situation has arisen requiring lock down of all activities countrywide resulting in possible slowdown of economic activities in the State and therefore, with a view to protecting, safeguarding new factories and establishments from the vicious effects of the said epidemic, it is necessary that the State Government should take sufficient measures to safeguard the said factories and establishments in carrying out the economic activities and to boost economic activities, so as to attract investment in new projects and generate employment.

4. Accordingly, new section 36C is proposed to be inserted in the Industrial Disputes Act, 1947 and similarly new section 5A is proposed to be inserted in the Factories Act, 1948 so as to empower the State Government to exempt for a period of one thousand days to new establishments or undertakings from all or any of the provisions of both the said central Acts.

As the Legislative Assembly of the State of Gujarat was not in session at that time, the Labour Laws (Gujarat Amendment) Ordinance, 2020 (Guj. Ord. No. 8 of 2020) was promulgated to achieve the aforesaid objects.

This Bill seeks to replace the said Ordinance by an Act of the State Legislature.

**DILIPKUMAR THAKOR,**

## MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill provides for delegation of legislative power in the following respect:--

***Clause 2.-*** New section 36C proposed to be inserted in the Industrial Disputes Act, 1947 by this clause empowers the State Government to exempt, by notification in the *Official Gazette,* conditionally or unconditionally, any such new establishment or new undertaking or class of new establishments or new undertakings from all or any of the provisions of this Act for a period of one thousand days from the date of establishment.

***Clause 3.-*** New section 5A proposed to be inserted in the Factories Act, 1948 by this clause empowers the State Government to exempt, by notification in the *Official Gazette,* conditionally or unconditionally, any such new establishment or new undertaking or class of new establishments or new undertakings from all or any of the provisions of this Act for a period of one thousand days from the date of establishment.

The delegation of legislative power as aforesaid is necessary and is of a normal character.

Dated the 11th September, 2020. **DILIPKUMAR THAKOR.**

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 15 OF 2020.**

***A BILL***

*further to amend the Industrial Disputes Act, 1947 and the Factories Act, 1948 in their application to the State of Gujarat.*

**[ SHRI DILIPKUMAR THAKOR,
MINISTER FOR LABOUR AND
EMPLOYMENT ]**

**( As published in the Gujarat Government Gazette of 14th September, 2020)**

**D.M.PATEL,**

Secretary,

Gujarat Legislative Assembly.